# જીએસટીના નિયમોનું ચોકસાઈપૂર્વક પાલન કેવી રીતે કરશો?



**સમજો જીએસટીને**

પરેશ કપાસી

જીએસટીના નિયમોનું પાલન કરવામાં ન આવે તો ૨૦૦થી લઈને ૨૫,૦૦૦ રૂપિયાથી પણ વધુનો દંડ લાગુ પડી શકે છે તેમ જ અમુક કિસ્સાઓમાં કારાવાસની સજા પણ થઈ શકે છે. વેપારીઓને સામનો કરવી પડતી પાંચ સામાન્ય સમસ્યાઓ વિશે આપણે આજે સમજીએ. એ સમસ્યાઓ કઈ છે, કેવી રીતે ઊભી થાય છે તેમ જ એને કારણે થતી ભૂલોને કેવી રીતે ટાળી શકાય જેથી આવા દંડ અથવા સજાને ટાળી શકાય. આ બધી બાબતો વિશે આજના લેખમાં સમજ આપવામાં આવી છે. ચાલો પ્રારંભ કરીએ.

**૧. જીએસટીનાં રિટર્ન ભરવામાં મોડું થવું**

જીએસટીઆર-૧ અથવા જીએસટીઆર-૩બી કોઈ પણ માટે હોય, પરંતુ જીએસટી રિટર્ન મોડું ભરવામાં આવે તો માતબર દંડની રકમ તેમ જ વ્યાજની રકમ ભરવી પડે છે. ફાઇલિંગની ડ્યુ-ડેટ ચૂકી જવાથી આવું થઈ શકે છે. આને ટાળવા માટે, સમયમર્યાદા પહેલાં સમયસર રિટર્ન ફાઇલ થઈ શકે એ માટે વ્યવસાય માલિકોને રિટર્ન ફાઈલિંગ રિમાઈન્ડર્સની જરૂર છે. વધુમાં, ઑટોમૅટિન્ગ કમ્પ્લાયન્સમાં નિપુણ હોય તેવા કોઈ જીએસટી વ્યાવસાયિક પાસે જીએસટી રિટર્ન ફાઈલિંગ કરાવી લેવું જોઈએ. આમ કરવાથી રિટર્ન ભરવામાં ચોકસાઈ પણ રાખી શકાય છે.

**૨. ખોટી રીતે આઈટીસીનો લાભ મેળવવો :**

આઈટીસી (ઈનપુટ ટૅક્સ ક્રેડિટ)નો ખોટો દાવો એ નોંધપાત્ર ચિંતા છે, જે જીએસટીઆર-૧ અને જીએસટીઆર-૩બી ફાઈલિંગ કરવામાં થતી ભૂલોનું પણ કારણ બને છે. જીએસટી રિટર્ન ફાઈલ કરતી વખતે થતી આ સૌથી સામાન્ય સમસ્યા છે. સુનિયોજિત રીતે દેખરેખ રાખવાથી તેમ જ જીએસટી રેકન્સિલિએશન શીટ્સની સહાયથી આઈટી સીનું રેકન્સિલિએશન કરવાથી આવી ભૂલોને ટાળી શકાય છે.

**૩. માનવીય પ્રક્રિયાઓને કારણે થતી ભૂલો :**

જીએસટી નિયમોના પાલન માટેની આવશ્યકતાઓ અનુસાર, ચોકસાઈપૂર્વક માહિતી આપવામાં કોઈ પણ નાની કે મોટી ભૂલો થઈ જાય તો એને કારણે રિટર્ન ભરવામાં ભૂલો થઈ શકે છે જેને કારણે દંડ ભરવો પડી શકે છે. જ્યારે જીએસટી રિટર્ન ફાઈલિંગ પ્રક્રિયા મૅન્યુઅલી કરવામાં આવે ત્યારે ઘણી વાર ડેટા-એન્ટ્રી કરવામાં ભૂલો થવાની સંભાવના રહે છે. આવી કોઈ પણ ભૂલને કારણે નિયમોની અવમાનના થવાનું જોખમ રહે છે, જેને કારણે દંડ જેવાં નાણાકીય પરિણામો ભોગવવાં પડી શકે અથવા વેપારની કાર્યવાહીમાં વિક્ષેપ થાય છે. ક્લાઉડ-આધારિત વિશ્વસનીય જીએસટી સૉફ્ટવેરનો ઉપયોગ કરીને ઑટોમેશન લાગુ કરવાથી આવી માનવીય ભૂલો ને નોંધપાત્ર રીતે ઘટાડી શકાય છે. આ વું સૉફ્ટવેર તમને ડેટા-એન્ટ્રી સિવાયનાં પણ જીએસટી સંબંધિત સઘળાં કામોમાં મદદરૂપ થશે.

**૪. જીએસ ટી નિયમોનું યોગ્ય રીતે અનુપાલન ન કરતા હોય એવા વિક્રેતાઓ સાથેનો વ્યવહાર :**

બીટુબી (બિઝનેસ ટુ બિઝનેસ) વ્યવહારોમાં જે વિક્રેતાઓ યોગ્ય રીતે જીએસટીના નિયમોનું પાલન ન કરતા હોય તેમના પર ભરોસો રાખવાથી તમારા પોતાના વ્યવસાયની કાર્યવાહીમાં પણ વિક્ષેપ થઈ શકે છે. વિક્રેતાઓ દ્વારા વ્યવસ્થિત રીતે જીએસટી નિયમોનું પાલન થાય છે કે નહીં એ બાબતની પણ તમારે ચોકસાઈ રાખવી પડે છે અને એ માટે તેમને સતત કહેતા રહેવું પડે છે. એમ છતાં પણ જો તેઓ નિયમોનું પાલન ન કરે તો જ્યાં સુધી તેમના દ્વારા જીએસટીના નિયમોનું પાલન સુનિશ્ચિત ન થાય ત્યાં સુધી તેમને તમારે કરવાની ચુકવણી અટકાવવી જોઈએ.

**૫. જીએસટીઆઈએન નોટિસોનું વ્યવસ્થાપન**

ધંધાના માલિકોની જીસટીઆઈએન દ્વારા મળેલી નોટિસોને સંભાળવાની પ્રક્રિયા જો અવ્યવસ્થિત હોય તો એ જીએસટી સંબંધિત એક મોટી ભૂલ છે. તમારે આવેલી બધી જ નોટિસોનો વ્યવસ્થિત રીતે રેકૉર્ડ રાખવો જોઈએ જેથી કરીને તેમનો સમયસર જવાબ આપી શકાય અને નિયમોનું પાલન થઈ શકે. જીએસટીમાં ઈન્ટર્નલ ઑડિટ માટે પણ એ જરૂરી છે.

## આ સમસ્યાઓ કેવી રીતે દૂર કરવી

અગાઉ સૂચવ્યા મુજબ શ્રેષ્ઠ જીએસટી પ્રથાઓને અનુસરીને અને નિયમોનાં ધોરણોને પાળીને આ ભૂલો ટાળી શકાય છે. નિયમિતપણે રિયલ ટાઇમ જીએસટી પ્રક્રિયાઓને અનુસરવાથી સમય જતાં તમારા વ્યવસાયને પહેલાં કરતાં તમે વધુ સમૃદ્ધ બનાવી શકશો.

**૧. રિટર્ન ફાઈલિંગ રિમાઈન્ડર સેટ કરો :** રિટર્ન ફાઈલિંગ રિમાઈન્ડર સેટ કરીને, તમે તમારી ફાઈલિંગની સમયમર્યાદા અને શેડ્યુલથી પહેલાં જ રિટર્નને સક્રિય રીતે ફાઈલ કરી શકશો. રિટર્ન વહેલું ફાઈલ કરવાથી દંડની કોઈ પણ સંભાવના ટાળવામાં મદદ મળે છે અને ફાઈલિંગ દરમ્યાન ઉદ્ભવતા કોઈ પણ અણધાર્યા મુદ્દાઓને સેટલ કરવા માટે તમને સમય મળી શકે છે. ફાઈલિંગ પ્રક્રિયાને ઑટોમેટ કરી શકે એવી નવીન પ્રક્રિયાઓનો ઉપયોગ કરો જે તમારા વ્યવસાયને માટે સમયમર્યાદા અગાઉ જ જીએસટી પાલન માટેની ચોકસાઈ અને કાર્યક્ષમતા સુનિશ્ચિત કરી શકે છે.

**૨. જીએસટી રેકન્સિલિએશન શીટ્સ મારફત મૉનિટરિંગ :** તમારે નિયમિતપણે જીએસ ટીઆર ૧ વિરુદ્ધ જીએસટીઆર ૩બી, જીએસટીઆર ૨એ વિરુદ્ધ જી એસટીઆર ૩બી, જીએસટીઆર ૧ વિરુદ્ધ બુક્સ ઑફ અકાઉન્ટ્સ, જીએસટીઆર ૧ વિરુદ્ધ ઈ-વે બિલ અને જીએસટીઆર ૨એ વિરુદ્ધ બુક્સ ઑફ અકાઉન્ટ્સ જેવાં મહત્ત્વનાં રેકન્સિલિએશનનું [illegible] જોઈએ. એ તમને ડેટામાં જો કોઈ મિસમેચ હોય તો, કોઈ ભૂલો અને ખોટી એન્ટ્રીઓને ઝડપથી ઓળખવામાં મદદ કરે છે, જેને તમે તરત જ સુધારી શકો છો. અદ્યતન જીએસટી રેકન્સિલિએશન સૉફ્ટવેરનો ઉપયોગ કરો જે વિસંગતતાઓને ઓળખવામાં મદદ કરે છે અને સુધારી શકાય એવા ઉપાયો પણ સૂચવે છે.

**૩. ઈ-ન્વૉઇસિસ માટે ઑટોમેટેડ તેમ જ ચોકસાઈપૂર્ણ ડેટા-એન્ટ્રી :** સચોટ ડેટા-એન્ટ્રી સુનિશ્ચિત કરવા માટે, માનવીય ભૂલોના જોખમને ઘટાડવા અને એકંદર કાર્યક્ષમતામાં વધારો કરવા માટે ઑટોમૅટિક તેમ જ ભરોસાપાત્ર જીએસટી ફાઈલિંગ સૉફ્ટવેરનો ઉપયોગ કરો. ઈ-ઇન્વૉઇસિંગની પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવા અને જીએસટી સંબંધિત ધોરણોનું પાલન કરી શકાય એ માટે એઆઈ-આધારિત ડેટાનું અનુમોદન કરે અને ભૂલ થાય ત્યારે રિયલ-ટાઇમ ચેતવણીઓ આપે એવા બધા ઉપાયો અજમાવો.

લેખક ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. તેમનો સંપર્ક કરી શકો છો

feedback@mid-day.com